ખાનગી

# ગુજરાત યુનિવર્સિટી
## એકિઝક્યુટિવ કાઉન્સિલ

ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલની અસાધારણ સભા ગુરૂવાર, તા.૨૬/૦૩/૨૦૧૫ ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડો. એમ. એન. પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી:

| ક્રમાંક | સભ્યનું નામ | તા.૨૬/૦૩/૨૦૧૫ |
|---|---|---|
| ૧. | ડો. એમ. એન. પટેલ, કુલપતિશ્રી | હાજર |
| ૨. | ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, | ગેરહાજર |
| ૩. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન વતી શ્રી એમ. એ. ચૌહાણ, સંયુકત નિયામક (વહીવટ) | હાજર |
| ૪. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજયુકેશન | ગેરહાજર |
| ૫. | ડૉ. એન. ડી. શાહ | હાજર |
| ૬. | ડૉ. ઇન્દ્રવિજયસિંહ ગોહિલ | હાજર |
| ૭. | શ્રી પટેલ સતિષકુમાર નટવરલાલ | હાજર |
| ૮. | શ્રી જૈન કૌશિકકુમાર સુખલાલ | હાજર |
| ૯. | પ્રો. ડૉ. વિજયાલક્ષ્મી ચારી | હાજર |
| ૧૦. | પ્રો. ડૉ. કુ. નિશા કે. શાહ | હાજર |
| ૧૧. | પ્રિ. ડો. મહેતા ગીતા પ્રાણલાલ | હાજર |
| ૧૨. | ડૉ. શાહ ભરત જે. | ગેરહાજર |
| ૧૩. | ડૉ. રાવલ કૌશિકકુમાર ચિમનલાલ | હાજર |
| ૧૪. | ડૉ. દિગ્વિજયસિંહ ધનશ્યામસિંહ ગોહિલ | હાજર |
| ૧૫. | ડૉ. પટેલ ધવલકુમાર રમણલાલ | ગેરહાજર |
| ૧૬. | ડૉ. ઠકકર જશવંતભાઇ હરીભાઇ | હાજર |
| ૧૭. | ડૉ. મહિપતસિંહ ચાવડા | ગેરહાજર |
| ૧૮. | પ્રિ. ડૉ. નિરજાબેન અરૂણ | હાજર |
| ૧૯. | શ્રી નરહરિભાઇ એચ. અમીન | હાજર |
| ૨૦. | ડૉ. પટેલ હિમાંશુ વિઠ્ઠલભાઇ | હાજર |
| ૨૧. | શ્રી અમિતભાઇ શાહ | હાજર |
| ૨૨. | શ્રી ગીરીશભાઇ ચૌધરી | હાજર |

| | | |
|---|---|---|
| ૨૩. | શ્રી ધ્રુમીલભાઇ ડી. પટેલ | હાજર |
| ૨૪. | ડૉ. મહેશભાઇ પટેલ | હાજર |
| ૨૫. | શ્રી દેવાંગભાઇ નાણાવટી | ગેરહાજર |

બા.ક્ર.૧ ગુજરાત યુનિવર્સિટીના સમાજવિદ્યાભવનનાં પોલીટીકલ સાયન્સ વિભાગનાં ડૉ. સરમણ વી.ઝાલા, એસો. પ્રોફેસરને કુલપતિશ્રીના આદેશાનુસાર યુનિ. પત્રાંક: એકા-૧/૧૮૩/૨૦૧૪ તા:૮/૮/૨૦૧૪ થી ફરજ મોકુફી પર મૂકવામાં આવ્યા હતાં. જે સંદર્ભે તા:૨૨/૦૮/૨૦૧૪ની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સભામાં બાબત ક્રમાંક:૨(૩૩) થી ડૉ. સરમણ વી.ઝાલાની ફરજ મોકુફી ચાલુ રાખવામાં આવેલ છે. ડૉ. સરમણ વી.ઝાલાની ખાતાકીય તપાસનો રીપોર્ટ અને ICC (Internal Complaints Committee) ની ભલામણો અંગે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ: **હાલ ફરજ મોકૂફી પર મુકવામાં આવેલા સમાજવિદ્યાભવનનાં પોલીટીકલ સાયન્સ વિભાગનાં ડૉ. સરમણ વી.ઝાલા, એસો. પ્રોફેસરને એક્ઝિક્યુટિવ કાઉન્સિલની મીટીંગ સમયે હાજર રહેવા માટે જાણ કરવામાં આવી હતી, પરંતુ તેઓશ્રી હાજર રહયા ન હતા. ડૉ. સરમણ વી.ઝાલાની ખાતાકીય તપાસનો રીપોર્ટ અને ICC (Internal Complaints Committee) ની ભલામણો પરત્વે ચર્ચાવિચારણા બાદ ઠરાવવામાં આવ્યું કે ઉપરોકત બન્ને કમીટીઓની ભલામણો પરત્વે એડવોકેટશ્રી એસ. એન. શેલતના અભિપ્રાય લેવો તથા તે મુજબ ડૉ. સરમણ વી.ઝાલાની સામે નિયમાનુસારની કાર્યવાહી કરવા માટે માન. કુલપતિશ્રીને સત્તા આપવી.**

બા.ક્ર.૨ ગુજરાત યુનિવર્સિટીના રાજયશાસ્ત્ર વિભાગનાં પ્રાધ્યાપક પ્રો. મુકેશ ખટીક સામે થયેલ આક્ષેપો સંદર્ભે રચાયેલ તપાસ કમિટીના અહેવાલ અંગે ચર્ચા વિચારણા કરવા બાબત..

ઠરાવ: **ઉપરોકત તપાસ કમિટીના અહેવાલ સ્વીકારવામાં આવ્યો અને ઠરાવવામાં આવ્યું કે રાજયશાસ્ત્ર વિભાગનાં પ્રાધ્યાપક પ્રો. મુકેશ ખટીકને ભવિષ્યમાં આવા બનાવોનું પુનરાવર્તન ન થાય તે માટે ઠપકો આપવાનું રાખવું.**

બા.ક્ર.૩ તા:૧૫/૧૧/૨૦૧૪ ના રોજ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સભાની બાબત ક્રમાંક:૧૦ થી ડૉ. પ્રદીપ પ્રજાપતિ, ઈકોનોમિકસ વિભાગ, સમાજવિદ્યાભવન સામેના આક્ષેપોની તપાસ કરવા માટે નીમેલ સત્ય શોધક સમિતિના અહેવાલ પરત્વે આગળની કાર્યવાહી કરવા માટે માન. કુલપતિશ્રીને ભલામણ કરેલ, જે અન્વયે લીગલ ઓપીનીયન અને પીએચ.ડી. થીસીસ કોપી કેસ ઉપર ચર્ચા-વિચારણા કરવા બાબત.

ઠરાવ: **આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત સત્ય શોધક સમિતિના અહેવાલ પરત્વે લેવામાં આવેલ એડવોકેટશ્રીના કાનૂની અભિપ્રાય વંચાણે લીધો. સદરહુ અહેવાલ અન્વયે એડવોકેટશ્રી એસ. એન.**

**શેલત સાહેબનો કાનૂની અભિપ્રાય, સત્ય શોધક કમીટી દ્વારા મેળવવામાં આવે તેમ ભલામણ કરી તથા તે મુજબ ઠરાવવામાં આવ્યુ.**
**વધુમાં ઠરાવવામાં આવ્યું કે સમાજવિદ્યાભવનના અર્થશાસ્ત્ર વિભાગના ડો. પ્રદીપ પ્રજાપતિ સામે ત્રણ વિધ્યાર્થીનીઓએ કરેલ ફરિયાદ પરત્વે ICC (Internal Complaints Committee)ને તપાસ કરવા જણાવવાનું રાખવું.**

બા.ક્ર.૪ ગુજરાત યુનિવર્સિટીના સાયન્સ વિદ્યાશાખાના ડીનશ્રી, ડૉ. નીશાબેન કે. શાહ સામે પીએચ.ડી. પ્રવેશ સંદર્ભે રચાયેલા તપાસ કમિટીનો અહેવાલ આવેલ છે, જે ઉપર ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ: **ડૉ. નીશાબેન કે. શાહ સામે પીએચ.ડી. પ્રવેશ સંદર્ભે રચાયેલા તપાસ કમિટીનો અહેવાલ પરત્વે ચર્ચાવિચારણા બાદ ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતે એડવોકેટશ્રી એસ. એન. શેલતનો અભિપ્રાય લેવો તથા તે મુજબ ડૉ. નીશાબેન કે. શાહ સામે નિયમાનુસારની કાર્યવાહી કરવા માટે માન. કુલપતિશ્રીને સત્તા આપવી.**

આ ઉપરાંત સભાગૃહની કાર્યવાહી દરમ્યાન નીચેના મુદ્દાઓ ચર્ચવામાં આવ્યા હતા :

(૧) ડો. કૌશિક સી. રાવલે CAS અંતર્ગત Promotion માટે નામદાર હાઇકોર્ટના ચુકાદાને આધીન સિલેકશન કમિટીની ભલામણો મુજબ યુનિવર્સિટીના અધ્યાપકોને પ્રમોશન આપવા રજુઆત કરી હતી અને જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૨માં યુ.જી.સી.ની મંજુરી મળેલ ન હોવા છતાં અધ્યાપકોને "સબ્જેકટ ટૂ યુ.જી.સી. એપ્રુવલ" પ્રમોશન આપવામાં આવેલા છે, જે તરફ સભાગૃહનું ધ્યાન દોર્યું હતું.

ત્યારબાદ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે આવા તમામ કેસોમાં આપવામાં આવેલા પ્રમોશન પાછા ખેંચવાનું રાખવું.

(૨) યુનિવર્સિટીના જે વહીવટી કે શૈક્ષણિક કર્મચારીઓ યુનિવર્સિટીની પરવાનગી વગર જાહેર માધ્યમો સમક્ષ રજુઆત કરશે તો તેમની સામે ગુજરાત સીવીલ સર્વિસીસ રૂલ્સ હેઠળ નિયમાનુસારના પગલાં ભરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું હતું.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરૂં થયું હતું.

ડો. એચ. સી. પટેલ
કુલસચિવ

નં: એકેડેમિક/ ૨૫૦૬૦ /૨૦૧૫
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ-૯. તા.૦૮-૦૪-૨૦૧૫